
# ૐકાર સંપ્રદાય

## ધાર્મિક – આધ્યાત્મિક પથ

RNI No.: GUJGUJ/2015/65690
વર્ષ: ૧૧ | અંક: ૫ | નવેમ્બર - ૨૦૨૫
કિંમત: ૧૦/-






## ૐકારધામ તીર્થ

# ૐ શ્રી નવગ્રહ લક્ષ્મીકુબેર મહાપૂજન




### પાવન શુભ નિશ્રા

મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ. પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામી

### પાવન શુભ દિવસ

**28 ડિસેમ્બર, 2025, રવિવાર**

### પાવન શુભ સમય

**બપોરે 4 થી 6 કલાક સુધી**

### પાવન શુભ સ્થળ

**અન્નપૂર્ણા હોલ,**

આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

સંપર્ક સૂત્રઃ 9429208997

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**ૐકાર સંપ્રદાય**

માસિક મેગેઝીન (પત્રિકા)

**સ્થાપક**

ૐકાર સંપ્રદાયના આર્ષદ્રષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્ગુરુ ૐઋષિ સ્વામી

**તંત્રી** — કિંજલભાઈ શાહ

**સહતંત્રી** — મિહિરભાઈ શાહ

**સંપર્કસૂત્ર**

ૐકાર સંપ્રદાય શક્તિપીઠ આશ્રમ
સેવા સમર્પણ ફાઉન્ડેશન
Trust Reg. No.: E/18590/Ahmedabad
Under 80-G Tax Free (5313/09-10)

ૐકાર ફાઉન્ડેશન ટ્રસ્ટ
Trust Reg. No.: E/20646/Ahmedabad

**સદ્ગુરુ ૐઋષિ સ્વામી ચેરીટેબલ ટ્રસ્ટ**
(Trust Reg. No. E/23428/Ahmedabad
CSR No: CSR00045126 | 80G: ABDTS5377GF20221)

૦૦૧, ગ્રાઉન્ડ ફ્લોર , આંગી એપાર્ટમેન્ટ,
અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ની સામે,
નવા વિકાસ ગૃહ રોડ, પાલડી,
અમદાવાદ - ૩૮૦૦૦૭.

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org


મોબાઈલ નંબર - ૮૭૫૮૯૯૯૨૯૭,
૯૪૨૯૨૦૮૯૯૭, ૯૩૭૬૩૩૪૨૮૯

**મુદ્રક**

પ્રિન્ટ વિઝન પ્રા. લી.
આંબાવાડી બજાર, અમદાવાદ - ૬
ફોન નં - (૦૭૯) ૨૬૪૦૫૨૦૦

નવેમ્બર-૨૦૨૫ | પાના નં: ૨૪
વર્ષ: ૧૧ | અંક: ૫
કિંમતરૂ.: ૧૦/-

# તંત્રી સ્થાનેથી...



પ્રિય ભક્તજનો,

ૐકાર સંપ્રદાયના આ મેગિઝિનના માધ્યમથી આપ સૌ ભક્તજનોને દેવદિવાળીની હાર્દિક શુભકામના. દેવદિવાળી એ દિવસ છે જે આપણા અંદરના ત્રણ દુર્ગુણો અહંકાર, અજ્ઞાન અને આસક્તિ આ ત્રણ અંધકારને હરાવે છે, જે પરમ પૂજ્ય ગુરુજી દ્વારા આપવામાં આવતી સાધના કરવાથી પરિપૂર્ણ થાય છે.

પરમ પૂજ્ય ગુરુજી એમના પ્રવચનમાં કહેતા હોય છે કે “હું ૪૦ વર્ષ આગળ છું. અત્યારે મારા રચેલા મંત્ર, મંત્રશક્તિપાત, ચાલીસા, ગાથાઓનું મહત્ત્વ આજથી ૪૦ વર્ષ પછી લોકોને સમજાશે અને રામબાણ લાગશે.” હું તો માત્ર એટલું જ કહીશ કે આપણે તો નસીબદાર છીએ કે ગુરુજી આપણને સદેહ એમના જ્ઞાનનો પ્રકાશ આપીને આપણું કલ્યાણ કરી રહ્યા છે, તો એમની છત્રછાયામાં એમના માર્ગદર્શન હેઠળ એમના દ્વારા અપાતી મંત્રસાધનાઓનો એક પણ લાભ ચૂકવો જોઈએ નહિ. આપણા જીવનને સાર્થક કરવાનો મોકો ચૂકવો જોઈએ નહિ.

આ સાથે હું અહીંયા પરમ પૂજ્ય ગુરુદેવ દ્વારા રચિત ગઝલ સંગ્રહમાંથી એક ગઝલ પ્રસ્તુત કરી રહ્યો છું.

**‘યાદ આવે’**

ના જીત યાદ આવે ના હાર યાદ આવે,
ના તીર કામઠા કે તલવાર યાદ આવે.
કાબૂ ગુમાવી બેસો ખુદની ઉપરથી જ્યારે,
ગીતાનો ત્યારે તમને પણ સાર યાદ આવે.
પાંપણ આ ભીની-ભીની થઇ જાય છે ખરેખર,
બચપણનો જ્યારે-જ્યારે પણ યાર યાદ આવે.
થોડી ઘણી ઉછળકૂદ તો લોહીમાં થવાની,
જ્યારે તમને જૂની તકરાર યાદ આવે.
ડૂબો સ્વયમને ભૂલીને ૐકારમાં તો,
નક્કી છે તમને ઈશનો આકાર યાદ આવે.

ગુરુજીના આશીર્વાદ સદાય આપ સૌ પર રહે એવી એમના ચરણોમાં અભ્યર્થના સાથે મારી વાતને અહીં વિરામ આપુ છું. ૐ નમઃ.....

તંત્રી,
કિંજલભાઈ શાહ

॥ ૐ નમઃ ॥

**મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮ પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીની પાવન નિશ્રામાં યોજાયેલ**

# કાળી ચૌદશની રક્ષા મહાસાધના અને ૐ શ્રી આકસ્મિક ધનલાભ મહાસાધના

આ મહાસાધના કાળીચૌદશ, તા.૧૯-૧૦-૨૦૨૫ના રોજ અન્નપૂર્ણા હોલ, પાલડી, અમદાવાદ ખાતે કરાવવામાં આવેલ. જેમાં ૧૫૦થી વધુ ભક્તોએ આ સાધનામાં જોડાવવાનો લાભ લીધેલ. આ સાધનાથી સ્વયંનું અને પરિવારજનોની રક્ષા આખા વર્ષ દરમ્યાન થાય તેમજ આકસ્મિક ધનલાભ થાય એ માટે પરમ પૂજ્ય સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ દ્વારા આ મહાસાધના કરાવવામાં આવેલ. દર વર્ષે આ સાધના ખૂબ જ મર્યાદિત સંખ્યામાં કરાવવામાં આવે છે. ભાગ લેનાર દરેક ભક્તોએ આ મહાસાધનાથી ખૂબ જ ધન્યતા અનુભવેલ.
























# ભગવાન દત્તાત્રેયની કૃપા અને દિવ્યદર્શન પ્રાપ્ત કરવા માટેની ચમત્કારિક મંત્રસાધના

ભગવાન દત્તાત્રેયની જયંતી માર્ગશીર્ષ મહિનામાં પૂનમના દિવસે ઉજવવામાં આવે છે. દત્તાત્રેયમાં ઈશ્વર અને ગુરૂ બંન્ને રૂપ સમાહિત છે. તેથી તેમને પરબ્રહ્મમૂર્તિ સદ્ગુરૂ અને શ્રી ગુરૂદેવાત્ત પણ કહેવામાં આવે છે. તેમને ગુરૂ વંશના પ્રથમ ગુરૂ, યોગી માનવામાં આવે છે. બ્રહ્માજીના માનસપુત્ર મહર્ષિ અત્રિ તેમના પિતા અને કર્દમ ઋષિની કન્યા અને સાંખ્યશાસ્ત્રના પ્રવક્તા કપિલદેવની બહેન સતી અનસૂયા તેમની માતા હતી.

**હિન્દુ ધર્મના ત્રિદેવ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પ્રચલિત વિચારધારાના વિલય માટે જ ભગવાન દત્તાત્રેયે જન્મ લીધો હતો. તેથી તેમને ત્રિદેવનું સ્વરૂપ પણ કહેવામાં આવે છે.**

ભગવાન દત્તાત્રેયના પ્રાગટ્યની વાત કંઈક અનોખી છે. સાત મહાસતીમાં સ્થાન પામેલાં માતા અનસૂયાના દર્શનાર્થે ખુદ દેવો પણ આવતા અને સર્વલોકમાં તેમના ગુણગાન ગવાતા. તેથી ઈર્ષાથી પ્રેરાઈને બ્રહ્માણી, લક્ષ્મીજી અને રુદ્રાણીએ બ્રહ્માજી, વિષ્ણુ અને મહેશને તેમની પરીક્ષા લેવા મજબુર કર્યા. આમ ત્રણે દેવો બ્રહ્મચારીનું રૂપ ધારણ કરીને અનસૂયા માતા પાસે આવ્યા. એ સમયે ઋષિ અત્રિ તપસ્યામાં લીન હતા અને માતા પાસે નગ્નાવસ્થામાં ભિક્ષાની માંગણી કરી. ભિક્ષુકને ખાલી હાથે પાછા ન મોકલવાની સંસ્કૃતિને કારણે માતા અનસૂયાએ

પોતાના પતિવ્રતાને આહ્વાન આપી આ ત્રણે દેવોને બાળસ્વરૂપમાં ફેરવી દીધા. માતાએ ત્રણે બાળકને પારણામાં પધરાવી દીધાં.

આ બાજુ ત્રણે દેવીઓ પોતાના પતિઓ માટે ચિંતીત થવા લાગી. ત્યારે નારદે તેઓને સમાચાર આપ્યા કે ત્રણે દેવતાઓ બાળક બનીને માતા અનસૂયાને પારણે ઝૂલે છે. ત્યારે ત્રણે દેવીઓએ માતા અનસૂયાની માફી માંગતા પોતાના પતિદેવોની માંગણી કરી. માતાએ તેમને બાળસ્વરૂપમાં તેમના પતિઓને લઈ જવા કહ્યું. પોતાના પતિની ઓળખાણ ન પડતા દેવીઓની વિનંતીથી માતા અનસૂયાએ ત્રણે દેવતાઓને પૂર્વવત સ્થિતિમાં લાવ્યા અને વરદાનરૂપે ત્રણે દેવતાઓને પોતાના પુત્ર સ્વરૂપે માંગ્યા. આમ ત્રણે દેવો 'આદ્યગુરૂ દત્તાત્રેય ભગવાન' સ્વરૂપે પ્રગટ થયા.

ભગવાન દત્તાત્રેયે તેમના જીવનમાં અનેક લોકો પાસેથી શિક્ષા લીધી. ભગવાન દત્તાત્રેયે અન્ય પશુઓના જીવન અને તેમના કાર્યકલાપો સાથે પણ શિક્ષા ગ્રહણ કરી. ભગવાન દત્તાત્રેયે જેની પાસેથી જેટલા ગુણ મેળવ્યા તેમને તેમના ગુણોને પ્રદાતા માનીને તેમને પોતાના ગુરૂ માન્યા. આ રીતે ૨૪ ગુરૂ બનાવેલ. પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ, આકાશ, ચંદ્રમા, સૂર્ય, કપોત, અજગર, સિંધુ, પતંગ, ભ્રમર, મધુમાખી, ગજ, મૃગ, મીન, પિંગલા, કુરર પક્ષી, બાળક, કુમારી, સર્પ, શરકૃત, મકડી અને ભૃંગી. પુરાણો મુજબ ભગવાન દત્તાત્રેય ત્રણ મોઢા, છ હાથવાળા ત્રિદેવમય સ્વરૂપ છે. ઔદુંબર વૃક્ષની નિકટ તેમનું નિવાસ બતાવવામાં આવ્યું છે. વિવિધ મઠ, આશ્રમ અને મંદિરોમાં તેમના આ જ સ્વરૂપના દર્શન થાય છે.

હવે હું અહીં આપને ભગવાન દત્તાત્રેયની કૃપા અને સાક્ષાત્કાર માટેની ચમત્કારિક મંત્રસાધના આપું છું.

**મંત્ર : ॥ ૐ દત્તાત્રેય સિદ્ધા સિદ્ધા પ્રાગટ્ય નમઃ ॥**

ઉપર આપેલ મંત્ર ૧,૦૮,૦૦૦ (એક લાખ આઠ હજાર) વખત કરી સિદ્ધ કરવો. આ મંત્ર એક વર્ષમાં ૧,૦૮,૦૦૦ (એક લાખ આઠ હજાર) વખત કરીને સિદ્ધ કરવાનો છે. આ મંત્રસાધના કોઈપણ સમયે કરી શકાય. આમ આ રીતે આ મંત્રસાધના શ્રદ્ધાપૂર્વક કરવાથી આપની અધૂરી ઈચ્છા ચોક્કસ ફળીભૂત થશે તેમજ ભગવાન દત્તાત્રેયની કૃપા અને સાક્ષાત્કારની પ્રાપ્તિ થશે.

★★★

# ગરીબોનો મસીહા

## (સંપૂર્ણ સત્યઘટના)

કુદરતે કોઇના વિચારોને બદલી નાંખ્યા હોય અને એ વ્યક્તિના બદલાયેલા વિચારો આપણને પણ પ્રેરિત કરી જાય એવા હોય એવી એક સત્ય ઘટના આપને આજે હું જણાવવા માંગુ છું.

હું અને મારો મિત્ર અમર એક જ સ્કૂલમાં અને એક જ ક્લાસમાં ભણતા હતાં. મારા મિત્ર અમરનું સ્વપ્ન એવું હતું કે એ ડોક્ટર બને અને કરોડો રૂપિયા કમાણી કરે, જેથી જન્મથી ગરીબીનો દાગ એના ઉપર લાગ્યો છે એને એ ધોઇ શકે. એને મોટી મોટી ગાડીઓમાં ફરવાનો અને પોતાની ગરીબીને દૂર કરવાનો એક માત્ર વિકલ્પ એને ડોક્ટર બનીને રૂપિયા કમાવવાનો દેખાતો હતો.

અમરના ઘરે મારે ભણવા જવાનું થતું હતું. જ્યારે ગણિતમાં મને કશું ના સમજાય ત્યારે હું એની મદદ લેતો હતો. અમર ગણિતમાં ખૂબ જ હોંશિયાર હતો. અમર એના પરિવાર સાથે એક બેડરૂમ, રસોડું અને નાનકડા ડ્રોઇંગરૂમમાં ભાડે રહેતો હતો. અમરના પિતા સામાન્ય નોકરી કરતા હતાં, એની માતા ગૃહિણી હતી અને એનાથી ત્રણ વર્ષ નાનો એક ભાઇ હતો.

અમરના ઘરમાં એક ટેબલફેન, પીળા કલરનો એક બલ્બ, આ બે જ વસ્તુ કિંમતી કહી શકાય એવી હતી. આના પરથી તમે સમજી શકો છો કે એના ઘરની આર્થિક પરિસ્થિતિ કેવી હશે.

અમર કદાપિ પોતાની ગરીબી છુપાવતો ન હતો. ટ્યુશન વગર દસમા ધોરણમાં એ ૮૮ ટકા લાવ્યો હતો અને બારમા ધોરણમાં ૮૫ ટકા લાવ્યો હતો. એને બારમાના પર્સન્ટેજ ઉપરથી સીવીલ હોસ્પિટલમાં ડોક્ટર બનવા માટે MBBS માં એડમીશન મળી ગયું હતું.

હું અને અમર ઘણીવાર સાથે બેસતા ત્યારે હું એને પૂછતો હતો કે MBBS ડોક્ટર બન્યા પછી શું કરીશ? એના જવાબમાં એ કહેતો હતો કે એ હાર્ટ સર્જન બનવા માંગે છે. એને જીવનમાં જે જે વાત મનમાં નક્કી કરી હોય એ વાત એ કાયમ પૂરી કરીને જ રહેતો હતો. એની વાત ઉપરથી મેં માની લીધું હતું કે અમર હાર્ટ સર્જન બનીને જ દમ લેશે.

MBBSની ડિગ્રી મેળવ્યા બાદ એ સીવીલ હોસ્પિટલમાં એક વર્ષની ઇન્ટન્સીપ માટે જોડાયો હતો. અહીં સુધી તો એની જિંદગીની ગાડી બરાબર પાટા ઉપર દોડી રહી હતી અને સાચું કહું તો એની જિંદગીની ગાડીએ વેગ પણ પકડી લીધો હતો.

એક દિવસ મને અમરનો લેન્ડલાઇન ઉપર ફોન આવ્યો. એ મને મળવા માંગતો હતો. ભણતરમાં એ ખૂબ જ હોંશિયાર હતો, પરંતુ વ્યવહારિક જ્ઞાનનો એનામાં અભાવ હતો અને એટલે જ એ વ્યવહારિક જ્ઞાનની જરૂર પડે ત્યારે એ મને અવશ્ય યાદ કરતો.

એ દિવસની ઘટના મને બરાબર યાદ છે. હું અમરને સીવીલ હોસ્પિટલની બહાર આવેલી ભજીયાની લારી પાસે મળ્યો હતો અને એક લાકડાની બેન્ચ ઉપર અમે બંન્ને બેઠા હતાં.

" મારે હવે આગળ ભણવું નથી. હું

આદિવાસી વિસ્તારમાં જઇને આદિવાસીઓની તેમજ ગરીબ ગામડાના દર્દીઓની સેવા કરવા માંગુ છું. મારો આ નિર્ણય યોગ્ય છે?" એણે મારી સામું જોઇ પૂછ્યું હતું.

"ના, તું મૂરખનો સરદાર છે. સમૃદ્ધિના કિનારે આવેલું તારું જહાજ તું તારા હાથે ડૂબાડવાની વાત મને પૂછી રહ્યો છું. ગરીબીના પંજામાંથી મુક્ત થવાની કુદરતે તને આ એકમાત્ર તક આપી છે અને એ તક પણ તું વેડફી દેવા માંગે છે અને સમાજસેવાના ઝૂનુન હેઠળ તારી કારકિર્દી ઉપર પૂર્ણવિરામ મુકવા માંગે છે?" મેં એને લગભગ ગુસ્સાથી કહ્યું હતું.

"સારું, તો એક વાત સાંભળ. ચાર દિવસ પહેલા આઠ વર્ષનો એક છોકરો સીવીલ હોસ્પિટલમાં દાખલ થયો. જે વોર્ડમાં મારી ડ્યુટી હતી એ વોર્ડમાં જ એ છોકરો દાખલ થયો હતો એના કારણે મેં એની કેસ હિસ્ટરી તપાસી હતી. એ છોકરાના હાડકા નબળા પડી ગયા હતાં, હાર્ટ નબળું થઇ ગયું હતું, આંખો નિસ્તેજ થઇ ગઇ હતી, કુપોષણના કારણે અને સમયસર દવા નહીં મળવાના કારણે એ આઠ વર્ષનો બાળક મૃત્યુની ગોદમાં જઇ રહ્યો હતો. મેં એના મા-બાપને પૂછ્યું તો એમણે મને કહ્યું કે અમારા આદિવાસી વિસ્તારમાં અને ગરીબ ગામડામાં કોઇ ડોક્ટર હાજર હોતા નથી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર છે પરંતુ ત્યાં કોઇ ડોક્ટર કે દવા ઉપલબ્ધ હોતી નથી. મારા દીકરા જેવા કેટલાંય બાળકો આવી નાની-મોટી તકલીફોથી ગામમાં પીડાય છે. હવે તો એ બાળકોને બચાવવા માટે સ્વયં ભગવાન ધરતી ઉપર આવે તો સારું, બાકી તો અમારે અમારા સંતાનોને મૃત્યુની ગોદમાં જતાં જોવાના જ છે." એ બાળકના પિતાએ મને આંખમાં આંસુ સાથે કહ્યું હતું.

"તારી વાત સાચી છે, અમર, પરંતુ તું ભગવાન કે સમાજનો કોઇ ઠેકેદાર નથી. તું પણ ગરીબીના વમળમાં ફસાયેલો છે. તારો પરિવાર તું ક્યારે ડોક્ટર બને અને ઘરમાં સમૃદ્ધિ લાવે એની રાહ જોઇ રહ્યો છે અને તું એક બાળકના કિસ્સા ઉપરથી તારું આખું કેરિયર બગાડવા માટે તૈયાર થયો છે. તું આવું ના કર." મેં અમરને પ્રેમથી સમજાવતા કહ્યું હતું.

"મેં જરૂર ગયા જન્મમાં કોઇ પાપકર્મ કર્યા હશે, માટે આ જન્મમાં હું ગરીબ પેદા થયો, પરંતુ સારો હાર્ટ સર્જન બનીને ગરીબીમાંથી અમીર હું એકલો બનીશ. જ્યારે એક MBBS ડોક્ટર તરીકે આદિવાસી ગામડાઓમાં જઇ સેવા આપીશ તો ઘણાં લોકોને જીવતદાન આપી શકીશ. હવે તું જ મને કહે કે હું ધનવાન બનું કે જીવતદાન આપનાર બનું." એણે મારી સામે આંખો પહોળી કરીને પૂછ્યું હતું.

"જો અમર, જીવનના બધાં જ નિર્ણયો હૃદયથી ના લેવાય. ઘણીવાર નિર્ણયો બુદ્ધિથી લેવા પડે છે. આ ઘોર કળિયુગ છે. આમાં આવા સમાજસેવી વિચારો રાખીશ તો ભૂખ્યો મરીશ અને તને લગ્ન માટે કોઇ છોકરી પણ નહીં આપે. તારા મા-બાપ જે અત્યારે કારમી ગરીબીમાં જીવી રહ્યા છે એ જ રીતે એમનું આખું જીવન પસાર કરશે. સમાજ સુધારવાનો અને ગરીબોને સાજા કરવાનો ઠેકો લઇને તું તારા પરિવારનું અહિત કરી રહ્યો છે." મેં મારી દલીલ ચાલુ રાખી હતી.

" હોસ્પિટલમાં દાખલ થયેલા એ કુપોષણથી પીડાતા છોકરાનું મૃત્યુ આજે વહેલી સવારે થઇ ગયું. એના મૃત્યુ માટે કુદરત એકલી જવાબદાર નથી. એના માટે આખો સમાજ ક્યાંક ને ક્યાંક જવાબદાર છે અને હું આખા સમાજ ઉપર એના કસમયે અને ડોક્ટરી ઇલાજ વગર થયેલા

એના મૃત્યુને જવાબદાર ગણી મારી જવાબદારીમાંથી મોંઢુ ફેરવવા માંગતો નથી. એ બાળકનું મૃત્યુ જે ક્ષણે થયું એ જ ક્ષણે ડોક્ટર અમરના વૈભવી ઠાઠમાઠથી જીવવાના સપના પણ મૃત્યુ પામ્યા. હું નક્કી કરી ચૂક્યો છું કે ગરીબ આદિવાસી સમાજમાં જઇને હું ત્યાં સેવા કરીશ અને મારું આખું જીવન આદિવાસીઓની સેવામાં સમર્પિત કરી દઇશ." અમરે બેન્ચ ઉપરથી ઊભા થતાં કહ્યું હતું.

હું કશું બોલું એ પહેલા તો એ મારા તરફ પીઠ ફેરવીને જતો રહ્યો હતો.

અમર આજે પણ ગરીબ ગામોમાં ડોક્ટર તરીકે મફત સેવા આપે છે. તેંતાલીસ વર્ષની ઉંમરનો થયેલો અમર સરકાર દ્વારા સેવાકાર્ય માટે મળતા નેશનલ એવોર્ડ લેવાની એ સ્પષ્ટ ના પાડી ચૂક્યો છે અને એની વર્ષોની નિ:શુલ્ક સેવાના બદલામાં એનું નામ પદ્મશ્રી માટે પણ ગામડાઓના સરપંચોએ ચલાવ્યું હતું, પરંતુ એ લોકોને પણ એણે રોકી લીધા છે.

" તને પદ્મશ્રી મળે તો તે આપેલા બલિદાનનું સન્માન થાય." મેં એને ફોન ઉપર કહ્યું હતું.

"મેં કોઇ એવોર્ડ લેવા માટે સેવાનો સંકલ્પ કર્યો ન હતો. હું મારી સેવાના બદલામાં સન્માન લઉં તો મારી સેવાનું અપમાન થાય. આવા બધાં સન્માનની અપેક્ષા અને સન્માનો હું બીજા લોકો માટે છોડી રહ્યો છું." એણે મને કટાક્ષમાં કહ્યું હતું.

"બીજા લોકો એટલે તું મારી વાત કરે છે?" મેં એને હસીને પૂછ્યું હતું.

"તું વધારે વ્યવહાર કુશળ છે. એટલે તું સમજી શકે છે કે હું કોને કહું છું." અમરે પણ હસતા હસતા મને કહ્યું હતું.

ડોક્ટર અમર નાયક જેણે પોતાનું જીવન ગરીબો અને આદિવાસીઓની સેવામાં સમર્પિત કરી દીધું અને આજે પણ એનો એ સેવા પ્રકલ્પ ચાલુ છે. મેં ફોન કરીને એને ખૂબ સમજાવ્યો ત્યારે એણે મને એના જીવનની આ વાત નામ બદલીને લખવાની શરતે માન્ય રાખી હતી અને માટે જ આ સત્ય ઘટનામાં નામ સિવાય બધી જ વાત સંપૂર્ણ સત્ય છે. મેં ખૂબ મનાવ્યો ત્યારે એણે મને બે શબ્દો એના આ લેખમાં લખવા માટે કહ્યા હતાં, માટે એણે જે બે શબ્દો કહ્યા એ શબ્દસહ અહીં હું લખી રહ્યો છું.

"જીવનની છેલ્લી ક્ષણે જ્યારે હું આ દુનિયાને અલવીદા કરતો હોઇશ ત્યારે મારા હૃદયમાં સંતોષ હશે. મારી આંખોમાં ઈશ્વર સાથે આંખ મેળવીને વાત કરી શકું એવી ક્ષમતા હશે અને સૌથી મોટો ગર્વ એ હશે કે હું માનવ તરીકેનું મારું જીવન જે ઈશ્વરે અને કુદરતે મને આપ્યું છે એને કુદરતને માન થાય એવું બનાવી શક્યો અને આ જ મારું સાચું સન્માન છે."

ડોક્ટર અમર નાયકે એના જીવનમાં હજારો ગરીબોની જિંદગી બચાવી છે. એના ગરીબ મા-બાપ છોત્તેર વર્ષની ઉંમરના થયા છે. નાનો ભાઇ કોર્પોર્ટ કંપનીમાં મુંબઇમાં જોબ કરી રહ્યો છે અને મા-બાપને સાચવી પણ રહ્યો છે. અમરને એના સેવા પ્રકલ્પના કારણે એની સાથે લગ્ન કરવા માટે કોઇ છોકરીએ હા પાડી નહિ, પરંતુ એ વાતનો અફસોસ કે રંજ મેં એની આંખોમાં ક્યારેય જોયો નથી. ડોક્ટર અમર નાયકને કદાચ હું ગરીબોનો મસીહા કહું તો એ અયોગ્ય જરાય પણ નહીં કહેવાય.

લિ. ૐગુરૂ

**ખાસ નોંધ :** પરમ પૂજ્ય ગુરુજીએ વર્ષો પહેલા સિદ્ધ કરેલા મંત્રો જે તે સમયે ગુજરાત સમાચારની કોલમોમાં છપાતા હતા જેના કારણે વીસ લાખથી વધુ લોકો ગુજરાતમાં મંત્રો કરતા થયા. એ લેખો અને મંત્રો ખૂબ જ સિદ્ધ થયેલા છે તો આપના પ્રશ્નોના સમાધાન માટે આ મેગેઝિનમાં એ લેખોની શ્રૃંખલા ચાલુ કરીએ છીએ જેથી જે લોકો પાસે એ લેખ ના હોય એમને આ લેખ પ્રાપ્ત થઇ જાય.

# કળિયુગમાં પણ ચમત્કાર થાય છે

-ૐગુરુ

આપણે એવા અનેક કિસ્સાઓ વાંચ્યા અને સાંભળ્યા છે કે મૃત વ્યક્તિ તરીકે જેને અગ્નિસંસ્કાર કરવા માટે લઇ જવામાં આવતા હતા તે જીવીત થઇ ઊઠ્યા. આ અને આવા અનેક કિસ્સાઓ આજના મેડિકલ સાયન્સ માટે પણ એક સંશોધનનો વિષય છે. બીજું કે આજની હાઇટેક સદીમાં પણ પરામનોવિજ્ઞાનઓને પણ જ્યારે આવા અમુક કિસ્સાઓ વિચારતા કરી મૂકે છે અને એનો કોઇ માર્ગ એમની પાસે હોતો નથી ત્યારે ભારતીય સંસ્કૃતિનો એક પથ મંત્ર શાસ્ત્રનો જ માર્ગ સહાયક બનતો હોય છે અને મનુષ્યને આવી પડેલી મુશ્કેલી-આપદામાંથી બહાર લાવે છે.

આવી તો ઘણી પ્રત્યક્ષ અનુભૂતિ જેને ચમત્કાર કહેવાય એવી મેં મારા જીવનમાં જોઇ છે. સંતોનાં જીવનમાં સાધનાનાં પથ પર જે ઇશ્વરીય શક્તિનો અનુભવ અને આનંદ મળે એને નિજાનંદ કહેવાય. જ્યારે સામાન્ય મનુષ્યનાં જીવનમાં એનાં સાંસારિક કે ભૌતિક કાર્યમાં અવિશ્વસનીય ઘટના થાય તેને ચમત્કાર કહેવાય.

હું ચમત્કાર શબ્દને સાચા અને ગહન અર્થમાં અહીં સમજાવવા માંગુ છું. હું હાથચાલાકી કે અંધશ્રદ્ધા તરફ તમને નથી દોરતો કે નથી લેશમાત્ર પણ દોરવા માંગતો. કુદરતે પોતાના હાથમાં રાખેલું હુમકનું પાનું જ્યારે ઉતરે છે ત્યારે તમારા જીવનમાં જે ઘટના થાય છે તેને ચમત્કાર કહી શકાય. દરેક મનુષ્યને પોતાના જીવનકાળ દરમ્યાન નાના-મોટા આવા ચમત્કારનાં અનુભવ તો થયા જ હશે.

આજથી ચાર વર્ષ પહેલા 2008 માં બનેલી એક સત્ય ઘટના આપને કહુ છું. સુશિક્ષિત અને સંપન્ન પરિવારનાં દંપતિ મારી પાસે એમના યુવાન દીકરાનો પ્રશ્ન લઇને આવ્યા. યુવાનનાં પિતાએ કહ્યું કે મારો દિકરો 25 દિવસથી સતત બોલ્યા કરે છે. ખાવા પીવાનું છોડી દીધું છે. પોતાના મનમાં આવતી કોઇપણ વાત બોલ્યા જ કરે છે અને જે વાત બોલે એ વાત વારંવાર બોલ્યા કરે છે. શહેરનાં કોઇપણ ડોકટરને

બતાવવામાં બાકી રાખ્યું નથી. દરેક ડોકટર ઘેનની ગોળી આપી સુવાડી દે છે. જ્યારે ઘેન ઉતરે ત્યારે હતું એવું ને એવું જ થઇ જાય છે.

આટલું બોલતા એનાં પિતાની આંખમાં આંસુ આવી ગયા હતા. એમના યુવાન પુત્રનું નિરીક્ષણ કરી મેં 15 મિનિટ ધ્યાન કરી શાસ્ત્રોક્ત મંત્ર અને મંત્રયુક્ત રક્ષાસૂત્ર હાથે બાંધવા આપ્યું. એ મંત્ર બોલીને એ મંત્રથી અભિમંત્રિત જળ યુવાન પુત્રને રોજ પીવડાવવા કહ્યું. ફક્ત ચાર દિવસમાં એ મંત્રશક્તિની ઊર્જાથી એ યુવાન સાજો થઇ ગયો. એ યુવાનનાં માતા-પિતાએ કહ્યું કે આ ચમત્કાર છે પણ મેં કહ્યું કે આ મારો નહી મંત્રશાસ્ત્રમાં આપેલા મંત્રનો ચમત્કાર છે.

તમને જાણવાની ઇચ્છા થઇ હશે કે શું થયું હતું એ યુવાનને? તો જાણી લો શું થયું હતું તે યુવાનને. યુવાન એક અવાવરુ મંદિરમાં વર્ષો જુની મૂર્તિઓ જોવા ગયો હતો. એ કલાકો સુધી એ મૂર્તિઓ જોતો રહ્યો અને ખંડેરમાં જ બેસીને ભોજન લીધું. એ દિવસ પછી એ ઘરે આવ્યો ત્યારથી જ એની માનસિક પરિસ્થિતિ ડામાડોળ થવા લાગી અને સતત બોલ્યા જ કરવા લાગ્યો.

શાસ્ત્રમાં કહ્યું છે કે ખંડિત ધર્મસ્થાનમાં ન જવું જોઇએ કારણ કે એ અપૂજિત ધર્મ સ્થાનનાં ઘણાં દોષ અને તકલીફો મનુષ્યને લાગે છે. ભલે ખંડિત હતું પણ તેમાં બેસી ભોજન ના કરાય. આનાથી ત્રુજાત દોષ લાગે છે અને ત્રુજાતદોષ દુર કરવા શાસ્ત્રોમાં જે મંત્ર આપ્યો છે એ જ મંત્ર એ યુવાન માટે આપ્યો, જે દવાની ટીકડીઓ દૂર ના કરી શકી એ દુઃખ મંત્રશાસ્ત્રની શક્તિથી દૂર થઇ ગયું.

આવા કિસ્સાઓ અવારનવાર આપણને સાંભળવા મળતા હોય છે. જેમાં અહિંસક પ્રાણીઓ પણ ક્યારેક હિંસક વૃત્તિઓ અપનાવી લેતા હોય છે. આ બધામાં સ્થળ અને કાળનો પ્રભાવ હોય છે પરંતુ આજના વિજ્ઞાનીઓ માટે તો આ કલ્પના બહારની વસ્તુઓ હોય છે. માટે જ આપણા શાસ્ત્રોમાં ધર્મસ્થાનની આજુબાજુ કે બહાર ગમે ત્યાં મળમુત્ર કરવાનો કે થૂંકવાનો નિષેધ ફરમાવ્યો છે. કેટલીક જગ્યાએ એવા જીવોનો વાસ હોય અને તમે ત્યાં આવી પ્રવૃતિઓ કરો તો તેની નકારાત્મક અસર તમારા ઉપર પડી શકે છે. માટે જ આહાર અને ખાસ કરીને વિહારમાં ધ્યાન રાખવાનું કહેવાયું છે. પહેલાનાં સમયમાં પણ વડીલો એટલે જ સૂર્યોદય થી સૂર્યાસ્ત દરમિયાન બહારનાં કામ વહેલા પરવારી લેતા હતા.

જે મોટા સાધકો થઇ ગયા તેઓનાં જીવનચરિત્રો વાંચો તો ચમત્કારની તમને ખબર પડે. આજે આપણે માત્ર ચર્મચક્ષુથી દેખાય તેને જ સાચું માની લઇએ છે, પણ દરેક વખતે આંખે દેખ્યુ હોવા છતાં એ સત્ય હોતું નથી. દરેક વ્યક્તિનું આભામંડળ હોય છે પણ તે ચર્મચક્ષુથી સાધકને જ દેખાય છે. એવી જ રીતે કેટલીક બીમારીઓ અને વળગણ એવા હોય છે કે જે ચર્મચક્ષુથી ન દેખાય, તેનો ઇલાજ માત્રને માત્ર મંત્રશાસ્ત્ર જ કરી શકે છે. કેમકે મેડીકલ સાયન્સ તો જે જુએ તેને જ સાચું કહે છે અને ઘણીવાર મેડીકલ શાસ્ત્ર પાસે જે દેખાય છે એની પણ દવા હોતી નથી તો ન દેખાય એવી તકલીફની દવાનો તો સવાલ જ નથી.

અંતમાં, તમે એક નામ સાંભળ્યું હશે પરમ સૂર્ય ઉપાસક સ્વામી વિશુદ્ધાનંદ પરમહંસજી તેઓ તમે જે માંગો તે વસ્તુ બનાવી આપતા હતા. હાથમાં ગુલાબનું ફૂલ હોય અને તમે કહો કે મારે પેંડાનો પ્રસાદ જોઇએ છે તો તે પણ લાવી આપતા હતા. આ એક ભારતીય શાસ્ત્ર વિજ્ઞાન છે. જેને આજના મેડિકલ વિજ્ઞાનને હજુ સમજતા વર્ષો લાગી જશે. પરંતુ એક વાત ચોક્કસ છે જ્યારે મંત્રશક્તિ ઉજાગર થાય છે ત્યારે મેડિકલ વિજ્ઞાન પણ વામણું પુરવાર થાય છે.


આજે આપને આવી ન સહી શકાય ન કહી શકાય એવી તકલીફો અને રોગમાંથી મુક્ત થવાનો મંત્ર આપું છું.

## મંત્ર - ॥ ૐ શુવાદિતા શુવાદિતા વાદમ્ય મુક્તિ નમઃ ॥

આ મંત્ર રોજ ૪૫ વખત કરવો અને મંત્ર ગણ્યા બાદ ૐઋષિ રચિત ૐકાર ચાલીસા એકવાર વાંચવા. આ મંત્ર આપ કોઇપણ સમયે કોઇપણ જગ્યાએ અથવા ટ્રાવેલીંગમાં પણ આપની અનુકૂળતાએ કરી શકો છો. આ મંત્ર કરવાથી અનિવાર્ય મુશ્કેલીઓથી પીડીત વ્યક્તિને તકલીફમાંથી તો મુક્તિ મળશે જ પરંતુ આ મંત્ર તકલીફ વગરનાં મનુષ્ય પણ કરે તો રસી (વેક્સિન) ની જેમ કામ કરી આવી તકલીફો અને પીડાથી દુર રાખશે.

★★★


**સદ્ગુરુ ૐઋષિ** દ્વારા આ ચેનલ ઉપર દરેક પ્રશ્નોના સમાધાન માટે અલગ - અલગ મંત્ર પ્રશ્નોનાં સમાધાન માટે આપેલ છે, માટે આ ચેનલ અચૂક જોવી, સબસ્ક્રાઇબ કરી બેલ આઇકન (ઘંટડી) ઉપર કલીક કરવું.



મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદગુરુ ૐઋષિ સ્વામી

અમારા નવા વિડીયો મેળવવા માટે સબસ્ક્રાઇબ કરો.

YouTube

સ્ટેપ- ૧ યૂ ટ્યૂબ ચેનલ પર કલીક કરો

સ્ટેપ- ૨ ટાઇપ કરો "SADGURU OMRUSHI"

સ્ટેપ- ૩ "SADGURU OMRUSHI" પર કલીક કરો

સ્ટેપ- ૪ SUBSCRIBE બટન કલીક કરો અને Bell (🔔) ની નિશાનીને દબાવો.

સદ્ગુરુ ૐઋષિ દ્વારા રચિત રોજનો પવિત્ર શબ્દ નીચે આપેલ ચેનલ ઉપર આપ નિહાળી શકો છો.

# આપ કોઇ અજ્ઞાત તકલીફનાં શિકાર છો?

## તો એમાંથી મુક્ત થવાની ચમત્કારિક મંત્ર ગુરૂચાવી - ૐગુરુ

આજના આ કલિયુગમાં તકલીફો ચોતરફ રહેલી જ છે. આજનો મનુષ્ય તકલીફો સામે સતત અને સતત લડતો જ રહે છે. અમીર હોય કે ગરીબ દરેક વ્યક્તિ પાસે તકલીફો રોજ બ રોજનાં જીવનકાળ દરમિયાન અવિરતપણે આવ્યા જ કરે છે. એક તકલીફ દૂર થાય ત્યાં બીજી તકલીફ શરૂ થઇ જ જતી હોય છે અને મનુષ્યની આખી જીંદગી આ તકલીફોમાંથી બહાર નીકળવામાં જ પસાર થઇ જાય છે. પરંતુ ઘણી તકલીફ એવી હોય કે જે તકલીફો ના કોઇને કહી શકાય કે ના સહી શકાય કે ના એને સાબિત પણ કરી શકાય અને મનુષ્યને એ ન દેખાતી ન કહી શકાય એવી તકલીફો એ મનુષ્યને ત્રાહિમામ કરાવી દે છે. આજનો આ લેખ આવી અજ્ઞાત તકલીફોનો સામનો કરી રહેલા માટે જ છે.

૨૦૧૦, ૨૬ જાન્યુઆરી સવારનાં દસ વાગ્યાનાં સુમારે એક દંપતી મારી પાસે આવ્યું. મને પ્રણામ કરીને પતિએ કહ્યું કે ગુરુજી મારી પત્ની અમુક તકલીફોથી હેરાન થઇ રહી છે. મને તો એની વાતમાં તથ્ય ઓછું લાગે છે પરંતુ મારા મિત્રનાં ખાસ આગ્રહથી હું આપની પાસે એ તકલીફોનાં નિવારણ માટે આવ્યો છું. આપ મારી પત્નીની વાત ધ્યાનથી સાંભળો એ માટે વિનંતી. પત્ની બોલી ગુરુજી અમે પતિ-પત્ની અમારા ઘરમાં ૭ વર્ષનાં દીકરા સાથે રહીએ છીએ. હું એમ.બી.એ. ભણેલી છું. પરંતુ મારા દીકરાની પરવરીશ બરાબર થાય એ માટે જોબ કરતી નથી. પરંતુ છેલ્લા એક વર્ષથી મારી સાથે જે ઘટનાઓ થાય છે એ ઘટનાઓથી હું ખૂબ જ ચિંતિત થઇ ગઇ છું. મને એવી તકલીફો થાય છે કે જે હું સાબિત નથી કરી શકતી પણ છતાં પણ એ તકલીફો થાય છે. જેમકે બપોરનાં ૨ થી ૪ દરમિયાન મને ઘરમાં ઝાંઝરનો અવાજ સંભળાય છે. ઘણીવાર એ ઝાંઝરનાં અવાજ સાથે હાસ્યનાં પડઘા સંભળાય છે. પેટમાં સતત દુઃખાવો થાય છે અને પગમાં સોજા આવે છે. મારા મનમાં સતત પેટનાં દુઃખાવાને કારણે ભાર રહ્યા કરે છે. ડોક્ટરની દવા લઉ છું પણ કાંઇ ફરક પડતો નથી.

છેલ્લા એક વર્ષથી હું ખૂબ જ દુઃખી છું. હું મહિનો મારી મમ્મીનાં ત્યાં રહેવા માટે ગઇ પણ ત્યાં પણ મને આવી જ તકલીફ થતી હતી. મારા પતિને મેં વારંવાર સમજાયું પણ એ વાત સ્વીકારવા કે માનવા તૈયાર જ થતા નથી. એ મને જીદ કરીને મનોચિકિત્સક પાસે લઇ ગયા. ૨ મહિના એની દવા પણ કરી છતાં પણ પરિસ્થિતિ એવી ને એવી જ રહી. કોઇપણ જાતનો ફરક પડ્યો નહિ અને મનોચિકિત્સકની દવાથી મને ખૂબ જ ઊંઘ આવતી હતી અને ઊંઘમાં પણ સતત બેચેની રહેતી હતી. હું ખરેખર આ તકલીફથી પીડાઇ રહી છું. મને ઘણીવાર મરવાના વિચારો આવે છે. પતિ બોલ્યો મારી ધર્મપત્ની સાચું જ બોલતી

હોય છે. બીજું એના પર મારું કોઇ દબાણ નથી કે કૌટુંબિક જવાબદારી પણ નથી કે જેથી ટેન્શનનાં કારણે આવું થાય, એવું પણ નથી. એના પગનાં સોજા માટે અને પેટનાં દુઃખાવા માટે બધાજ મેડીકલ ટેસ્ટ કરાવી દીધા પણ મેડીકલ તપાસ દરમિયાન બધા જ રીપોર્ટ નોર્મલ આવે છે. ડોક્ટરની દ્રષ્ટિએ મારી પત્નીનાં શરીરમાં કોઇ જ રોગ કે તકલીફ નથી. હવે ગુરુજી આપ મારી પત્ની આ તકલીફમાંથી બહાર આવી જાય એવો કોઇ ઉપાય બતાવો.

મેં બહેનની હસ્તરેખા અને મુખમુદ્રા જોઇ અને કહ્યું કે આપ 'રાજત્ય દોષ' થી પીડિત છો માટે 'રાજત્ય દોષ' થી શરીરનાં અંદર કોઇ ભાગમાં સતત પીડા, દુઃખાવો અને ઘણીવાર અલગ અલગ પ્રકારની તકલીફો અનુભવાતી હોય છે. આ તકલીફ દૂર કરવા માટે હું આપને મંત્રસાગરમાંથી ચમત્કારિક મંત્રરૂપી મોતી આપું છું.

પાંચ મહિના પછી એ દંપતી મને ફરી મળવા આવ્યું. પતિ-પત્ની બંન્ને ખુશહાલ હતા. પતિએ મને કહ્યું કે ગુરુજી આપે આપેલા મંત્રએ મારી પત્નીને નવજીવન આપ્યું છે. હું પોતે એની વાત પર વિશ્વાસ નહોતો કરતો પણ આપે આપેલ મંત્ર ગણવાની શરૂઆત કર્યા પછી ધીમે ધીમે એની તકલીફો દૂર થવા લાગી અને પાંચ મહિના પછી અત્યારે સંપૂર્ણ દુઃખાવારહિત જીવન જીવી રહી છે. અમારા પર ગુરુજી આપની કૃપા હંમેશા આવી જ રાખજો.

આ બહેનને જે મંત્ર આપ્યો હતો તે હું આપને પણ આપુ છું. આ મંત્ર જે લોકોને તકલીફ હોય એ લોકો તો ગણે જ પરંતુ જેને તકલીફ ન હોય તે લોકો પણ આ મંત્ર ભવિષ્યમાં આવી તકલીફ ઊભી ના થાય તે માટે પાણી પહેલા પાળ બાંધવાના ઇરાદેથી પણ ગણી શકે છે. તકલીફ થતી હોય એ લોકો મંત્ર ના ગણે તો એના બદલે કુટુંબની કોઇ વ્યક્તિ મંત્ર ગણી શકે છે.

**મંત્ર - ॥ ૐ ત્રુસાવુતા ત્રુસાવુતા વાવલિતા મુક્તિતા નમઃ ॥**

**આ મંત્ર ગણવાની રીત :**

આ મંત્ર રોજ ૪૫ વખત કરવો અને મંત્ર ગણ્યા બાદ ૐઋષિ રચિત ૐકાર ચાલીસા એકવાર વાંચવા. આ મંત્ર આપ કોઇપણ સમયે કોઇપણ જગ્યાએ અથવા ટ્રાવેલીંગમાં પણ આપની અનુકૂળતાએ કરી શકો છો.

★★★

## મંત્રથેરાપીથી મારો હાથનો દુઃખાવો મટી ગયો

ૐ નમઃ..., મારું નામ કૃપાલી છે. હું રાજકોટ રહું છું. ગુરુજી દ્વારા આયોજીત મંત્ર થેરાપી સેમિનારમાં ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ મેં ભાગ લીધો હતો. છેલ્લા મહિનાથી મારો જમણો હાથ ખૂબ જ દુઃખી રહ્યો હતો. એના પર સોજો પણ આવ્યો હતો. ખૂબ જ પ્રયત્ન કરવા છતાં પણ એમાં દુઃખાવામાં કોઈ ફરક પડતો ન હતો. મારો હાથ સીધો કરતી વખતે સતત દુઃખતો હતો.

મંત્ર થેરાપીના સેમિનારમાં બેસતા પહેલા મેં જ્યારે હાથ પર પાટો બાંધ્યો, ત્યારે હાથ સખત દુઃખી રહ્યો હતો. મંત્ર થેરાપીનો સેમિનાર પૂર્ણ થયા બાદ મેં મારા હાથનો પાટો જ્યારે ખોલ્યો, તો મારો હાથ એકદમ સીધો પણ થયો અને દુઃખાવો પણ થતો ન હતો. પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી મારા હાથનો દુઃખાવો સંપૂર્ણપણે દૂર થઈ ગયો તેમજ મારામાં હિંમત અને એક નવી ચેતના આવી. કારણ કે મારા હાથની પીડાના કારણે હું ડિપ્રેશ થઈ ગઈ હતી. બહુ દવા લીધી, પણ મહિનામાં કોઈ ફરક ન જણાતા મને એવું લાગતું હતું કે મારો જમણો હાથ કદાચ આવો જ રહેશે તો? પરંતુ મંત્ર થેરાપીના આ નિઃશુલ્ક સેમિનારમાં ભાગ લીધા બાદ મારા શરીરની આ પીડા દૂર થઈ ગઇ, જેના કારણે દિવાળીના સમયમાં જ્યારે મને ખૂબ જ વર્કલોડ રહે છે, તે દરમિયાન હું મારું કામ સારી રીતે કરી શકીશ. પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદથી જ આ શક્ય બન્યું છે. તેમના ચરણોમાં કોટી કોટી વંદન.

આપ પણ શરીરની કોઇપણ પ્રકારની પીડા દૂર કરવા માંગતા હોય, તો ગુરુજી દ્વારા કરાવવામાં આવતા મંત્ર થેરાપી સેમિનારમાં આપ અવશ્ય જોડાઓ. આ સેમિનાર સંપૂર્ણપણે નિઃશુલ્ક થતો હોય છે.

લી. કૃપાલી (રાજકોટ)

## અમેરિકામાં એચ-વન-બી વીઝા મળી ગયા

ૐ નમઃ..., હું છેલ્લા પાંચ વર્ષથી અમેરિકામાં રહી રહ્યો છું. મારું નામ નિશાંત દવે છે. અમેરિકામાં છેલ્લા પાંચ વર્ષમાં ભણતર પૂરું કર્યા બાદ એચ-વન-બી વિઝા માટે હું ખૂબ પ્રયત્ન કરી રહ્યો હતો. એના માટે બે-ત્રણ જોબ પણ મેં બદલી, પરંતુ કોઈપણ કંપની એચ-વન-બી વિઝા કરતું ન હતું.

હું અમેરિકા ગયો ત્યારથી પરમ પૂજ્ય ગુરુજી સાથે જોડાયેલો છું. મેં એમને મારી વ્યથા જણાવી અને કહ્યું કે જો ગુરુજી, એચ-વન-બી વિઝા નહીં થાય, તો મારે અમેરિકામાં રહેવું શક્ય બનશે નહિ. ગુરુજીએ કીધું કે ૨૦૨૫માં તારા એચ-વન-બી વિઝા થઈ જશે. એમણે મને એક મંત્ર આપ્યો અને ૐકાર ચાલીસાનો પાઠ કરવા માટે નિયમિત કહ્યું, તેમજ વાલવ્ય દોષનું નિવારણ પણ મને કરવા માટે સમજાવ્યું. આ વાત નવેમ્બર ૨૦૨૪ની છે.

એ પછી ગુરુજીના માર્ગદર્શન અનુસાર ચાલતો રહ્યો. નવેમ્બર-૨૦૨૫ના માર્ચ મહિનામાં મારા એચ-વન-બી વિઝા આવી ગયા. હું ખૂબ જ ખુશ થઇ ગયો. મારા આનંદનો પાર ન રહ્યો. મેં ગુરુજીને તરત ફોન કરીને એમના આશીર્વાદ લઇ આભાર વ્યક્ત કર્યો. હું પૂર્ણતઃ હવે મારા વર્ક પરમિટ સાથે કામ કરી શકું છું અને

હું ઈચ્છતો હતો એવી જોબ પણ મને મળી ગઈ.

અત્યારની પરિસ્થિતિ પ્રમાણે, જે આજે ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ જ્યારે મારો અનુભવ લખીને મોકલું છું, ત્યારે એ વખતે મારું એચ-વન-બી વિઝા ના થયું હોત, તો નવા કાયદા પ્રમાણે મારે ભારત પાછું જ ફરવું પડત. પરંતુ પરમ પૂજ્ય ગુરુજીએ જે ચમત્કાર કર્યો, એ ચમત્કાર મારા જીવનમાં એક યાદગાર ઘટના બની જશે, કારણ કે હવે એચ-વન-બી વિઝા નવા થવા એ, લગભગ આવનારા ત્રણ-એક વર્ષ સુધી તો અશક્ય જેવું લાગી રહ્યું છે. ગુરુજીના આશીર્વાદ મળી જાય તો જીવનમાં ચમત્કાર સર્જાઈ જાય. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

લી. નિશાંત દવે (અમેરિકા)

**આપ પણ કોઈપણ દેશમાં અટકેલા હોય અને ત્યાંનું લીગલ રેસીડેન્સી અથવા તો વર્ક વિઝા પ્રાપ્ત કરવા માંગતા હોય, તો ।। ૐ વામજ ત્રતા નમઃ ।। આ મંત્ર ત્રણ વખત કરી, ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરો.**

## મારું મકાન વેચાઇ ગયું અને ઢીંચણનો દુઃખાવો મટી ગયો

ૐ નમઃ..., મારું નામ સોનાલી છે. મેં બીલીમોરામાં એક મકાન લીધું હતું, પરંતુ છેલ્લા પાંચ વર્ષથી રૂ.60 લાખનું મકાન રૂ.50 લાખમાં પણ કોઈ લેવા તૈયાર ન હતું. જાન્યુઆરી 2025માં મેં પરમ પૂજ્ય ગુરુજીને મારી આ વ્યથાની રજૂઆત કરી. ગુરુજીએ મને કહ્યું, "તું ચિંતા ન કરીશ, હું તારી સાથે છું. ।।ૐ રાજસ્વ ભૂમિતા નમઃ।। આ મંત્ર ત્રણ વખત કરી અને ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કર."

ગુરુજીએ મને સૂચના આપી એ પ્રમાણે મેં રોજ રાત્રે 9 થી 11માં મંત્ર અને ૐકાર ચાલીસા કરવાનું ચાલુ કર્યું. ફક્ત ત્રણ મહિનામાં રૂ.50 લાખમાં ન વેચાતું અમારું મકાન રૂ.55 લાખમાં વેચાઈ ગયું અને એ રૂપિયામાંથી મેં મારા નવા ઘરની લોન પણ પૂરી કરી દીધી. મારા અને મારા પતિ માટે તો આ એક ચમત્કારિક ઘટના જ છે, કારણકે જેના માટે અમે વર્ષોથી પાછળ પડ્યા હતાં એ કાર્ય ગુરુજીના મંત્રએ એક રૂપિયાના ખર્ચ વગર સરળતાથી પાર પાડી દીધું તે અમારા માટે તો ચમત્કાર જ કહેવાય.

ત્યારબાદ હું મંત્ર થેરાપીના સેમિનારમાં 21 સપ્ટેમ્બર 2025ના રોજ જોડાઈ હતી. લગભગ બે વર્ષથી ઢીંચણમાં મને થોડો દુઃખાવો શરૂ થયો હતો, જેના કારણે હું ચાલું તો મને પગ દુઃખતો હતો. પેઈન કિલર્સ લઉં ત્યાં સુધી રાહત રહેતી હતી. પણ મારી ઉંમર હજી 40 વર્ષની છે, પેઈન કિલર્સ હું ક્યાં સુધી લઉં? એવું વિચારીને જ હું આ સેમિનારમાં જોડાઈ હતી.પરમ પૂજ્ય ગુરુજીએ એ સેમિનારમાં કહ્યું હતું એ પ્રમાણે કે પૂરી આસ્થા સાથે તમારી ઓરામાં મારા મંત્રો, મંત્રશક્તિપાત જાય તે માટે તમે પૂર્ણ રીતે મારા તરફ ધ્યાન કેન્દ્રિત કરો. મેં એ જ પ્રમાણે કર્યું અને અને ગુરુજીએ આપેલ ઔષધી અને બીજી વસ્તુઓના માધ્યમથી બે જ દિવસમાં, માત્ર બે જ દિવસમાં, આજે 23 સપ્ટેમ્બર 2025ના રોજ હું મારો અનુભવ જ્યારે લખીને મોકલી

રહી છું, ત્યારે મારા પગમાંથી દુઃખાવો દૂર થઈ ગયો છે. બે દિવસ મેં સતત એ ઔષધી લગાવવાનું ચાલુ રાખ્યું અને મારા ઢીંચણમાં દુઃખાવો જડમૂળથી નીકળી ગયો, એવું અત્યારે મને લાગી જ રહ્યું છે.

બે દિવસમાં ચમત્કાર થયો તો હું માનું છું કે મારો ઢીંચણનો દુઃખાવો આવનારા 10 વર્ષ સુધી મને હેરાન નહીં કરે, કારણકે કમ સે કમ મને રસ્તો તો મળી ગયો. ગુરુજીના આશીર્વાદ, મંત્રશક્તિપાત અને મંત્રના માધ્યમથી તેમજ એમણે આપેલી ઔષધિના માધ્યમથી ભવિષ્યમાં પણ ચોક્કસ રસ્તો નીકળી જશે એવો મને દૃઢ વિશ્વાસ બેસી ગયો છે. પરમ પૂજ્ય ગુરુજીના ચરણોમાં કોટિ કોટિ વંદન.

લી. સોનાલી (બીલીમોરા)

**આપનું પણ મકાન ન વેચાતું હોય, તો ઉપર લખેલ મંત્ર ત્રણ વખત કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર નિયમિત રીતે કરો. તેમજ ઢીંચણના દુઃખાવા માટે ગુરુજી દ્વારા કરાવવામાં આવતો નિઃશુલ્ક મંત્રથેરાપી સેમિનારમાં અવશ્ય જોડાઓ.**

## ધંધામાં સફળતા મળી

ૐ નમઃ..., મારું નામ પ્રશાંત દેસાઈ છે. હું છેલ્લા ત્રણ વર્ષથી કેમિકલના બિઝનેસમાં કામ કરી રહ્યો છું, પરંતુ મારો ધંધો બરાબર ચાલી રહ્યો ન હતો. મારા મિત્ર વિનયભાઈના કહેવાથી હું પરમ પૂજ્ય ગુરુજીના આશીર્વાદ માટે અમદાવાદ આવ્યો. પરમ પૂજ્ય ગુરુજીએ મારી મુખમુદ્રા અને ઓરા જોઈને કહ્યું કે, "તને ત્રશલ દોષ છે, જેના કારણે તારા ધંધાકીય પ્રગતિમાં અવરોધ આવી રહ્યો છે અને શારીરિક વ્યથાઓ પણ ચાલુ છે."

એ પછી પરમ પૂજ્ય ગુરુજીના કહેવાથી ત્રશલ દોષનું નિવારણ કરી, ગુરુજીએ આપેલો મંત્ર, ||ૐ દીવીતા દીવીતા ત્રશલ નમઃ|| ત્રણ વખત કરી ૐકાર ચાલીસાનો પાઠ કરવાનું મેં શરૂ કર્યું. ગુરુજીના કહેવા પ્રમાણે હું નિયમિત રીતે રાત્રે ૯ થી ૧૧માં નિયમિત રીતે મંત્ર, ૐકાર ચાલીસાનો પાઠ, શ્રી નવદુર્ગા ચાલીસાનો પાઠ અને ૐ શ્રી ૧૨ જ્યોતિર્લિંગ ચાલીસાનો પાઠ કરતો હતો.

પહેલા દિવસથી મનમાં ખૂબ શાંતિ થઈ, પણ ધીમે ધીમે બે મહિના પસાર થતા ધંધામાં મારી પકડ આવતી ગઈ અને બે કંપની સાથે મારા કામ શરૂ થયાં. છેલ્લા એક વર્ષમાં ગુરુજીના આશીર્વાદથી મારા ધંધામાં ઘણું ઉત્તમ પરિવર્તન આવ્યું છે અને હું સારી રીતે ધંધો કરી શકું છું. ગુરુજીની ચરણોમાં નતમસ્તક પ્રણામ...

લી. પ્રશાંત દેસાઈ (વલસાડ)

**આપ પણ આવી કોઈ સમસ્યાથી ઘેરાયેલા હોય તો અહી આપેલ મંત્ર ||ૐ દીવીતા દીવીતા ત્રશલ નમઃ|| ત્રણ વખત કરી ૐકાર ચાલીસાનો પાઠ એકવાર કરો.**

ok

# Karma Associates

TATA AIA LIFE INSURANCE

TATA AIG INSURANCE

## "All insurance in one umbrella."

Life | Health | Motor | Fire | Personal Accident

Project | Marine | Travel | Home

**Book your Appointment:**

**Bhavin Shah - 99255 94767 | Priti Vora - 99241 99190**

**karmaassociatesbhavinshah@gmail.com**

# Kalash Associates

- Car Loan
- Home Loan
- Business Loan
- Personal Loan
- Mortgage Loan
- Education Loan

**Book your Appointment:**

**Jinal Joshi - 7575816434**

**kalashassociates87@gmail.com**

**Golden opportunity to join our business... 99255 94767**

## સદ્ગુરુ ૐઋષિ રચિત પવિત્ર શબ્દોથી
## આ મહિનાના રોજેરોજના કાર્યમાં સફળતાની ગુરૂચાવી

| તારીખ | વાર | પવિત્ર શબ્દ | તારીખ | વાર | પવિત્ર શબ્દ |
|---|---|---|---|---|---|
| ૨૧-૧૧-૨૦૨૫ | શુક્રવાર | ૐ સૂર્યવિદન્ત્યદેવ | ૦૬-૧૨-૨૦૨૫ | શનિવાર | ૐ માતંગીદેવી |
| ૨૨-૧૧-૨૦૨૫ | શનિવાર | ૐ ધનાતીલક્ષ્મી | ૦૭-૧૨-૨૦૨૫ | રવિવાર | ૐ છિન્નમસ્તાદેવી |
| ૨૩-૧૧-૨૦૨૫ | રવિવાર | ૐ કુબેરવાજમ | ૦૮-૧૨-૨૦૨૫ | સોમવાર | ૐ ષોડશીદેવી |
| ૨૪-૧૧-૨૦૨૫ | સોમવાર | ૐ શ્રી ક્ષેત્રપાળવીર | ૦૯-૧૨-૨૦૨૫ | મંગળવાર | ૐ મહાકાલીદેવી |
| ૨૫-૧૧-૨૦૨૫ | મંગળવાર | ૐ નવગ્રહાતિ | ૧૦-૧૨-૨૦૨૫ | બુધવાર | ૐ ભુવનેશ્વરીદેવી |
| ૨૬-૧૧-૨૦૨૫ | બુધવાર | ૐ વ્રજકાતી | ૧૧-૧૨-૨૦૨૫ | ગુરુવાર | ૐ ત્રિપુરાસુંદરીદેવી |
| ૨૭-૧૧-૨૦૨૫ | ગુરુવાર | ૐ લક્ષ્મીકુબેર | ૧૨-૧૨-૨૦૨૫ | શુક્રવાર | ૐ તારાદેવી |
| ૨૮-૧૧-૨૦૨૫ | શુક્રવાર | ૐ સિધ્ધાલક્ષ્મીદેવી | ૧૩-૧૨-૨૦૨૫ | શનિવાર | ૐ કમલાદેવી |
| ૨૯-૧૧-૨૦૨૫ | શનિવાર | ૐ ધનદાલક્ષ્મીદેવી | ૧૪-૧૨-૨૦૨૫ | રવિવાર | ૐ શુક્રતાદેવ |
| ૩૦-૧૧-૨૦૨૫ | રવિવાર | ૐ કાર્યલક્ષ્મીદેવી | ૧૫-૧૨-૨૦૨૫ | સોમવાર | ૐ ગુરુતાદેવ |
| ૦૧-૧૨-૨૦૨૫ | સોમવાર | ૐ ત્રપત્ય | ૧૬-૧૨-૨૦૨૫ | મંગળવાર | ૐ ચંદ્રતાદેવ |
| ૦૨-૧૨-૨૦૨૫ | મંગળવાર | ૐ ત્રતા | ૧૭-૧૨-૨૦૨૫ | બુધવાર | ૐ બુધતાદેવ |
| ૦૩-૧૨-૨૦૨૫ | બુધવાર | ૐ ગૌતમજ્ઞાન | ૧૮-૧૨-૨૦૨૫ | ગુરુવાર | ૐ શનિતાદેવ |
| ૦૪-૧૨-૨૦૨૫ | ગુરુવાર | ૐ જવાલામાલિનીદેવી | ૧૯-૧૨-૨૦૨૫ | શુક્રવાર | ૐ કેતુતાદેવ |
| ૦૫-૧૨-૨૦૨૫ | શુક્રવાર | ૐ બગલામુખીદેવી | ૨૦-૧૨-૨૦૨૫ | શનિવાર | ૐ મંગલિતાદેવ |

# પ્રોફેશનલ વ્યક્તિઓ માટે, છૂટક વસ્તુના વેપારી માટે, ઉત્પાદક માટે, જથ્થાબંધ માલના વેપારી માટે, નોકરિયાત માટે અને વિદ્યાર્થી માટે

## પ્રોફેશનલ વ્યક્તિઓ માટે :

આ મહિના દરમિયાન વાદળી વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે કામ માટે કે ઓફિસ જાઓ ત્યારે ખિસ્સામાં રાખીને જવું અને એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરીને જવું. આ પ્રક્રિયાથી આપના કાર્યમાં વિઘ્ન આવશે નહિ અને કાર્ય સફળ થશે.

## છૂટક વસ્તુના વેપારી માટે :

રીટેલરનો ધંધો કરતા વ્યક્તિઓએ આ મહિને લાલ વસ્ત્રમાં મગના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં મુકી રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપના ધંધામાં ચમત્કારિક ફાયદો થશે.

## ઉત્પાદક માટે :

ઉત્પાદનના કાર્ય સાથે સંકળાયેલ વ્યક્તિઓએ આ મહિને લીલા વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી કેશ કાઉન્ટરમાં મુકી દેવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આ પોટલી બદલવાની નથી. આખો મહિનો એ જ જગ્યાએ રાખવાની છે. જેનાથી આપના ઉત્પાદનનાં કાર્યમાં સફળતા મળશે અને ધંધામાં ચમત્કારિક પ્રગતિ થશે.

## જથ્થાબંધ માલના વેપારી માટે :

હોલસેલના ધંધા સાથે સંકળાયેલા વ્યક્તિઓએ આ મહિના દરમ્યાન સફેદ વસ્ત્રમાં ઘઉંના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી દુકાનના કેશ કાઉન્ટરમાં અથવા તો પોતાના ખિસ્સામાં રાખવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. આમ આ પ્રક્રિયા નિયમિત કરવાથી આપના હોલસેલનાં ધંધામાં વધારો થશે.

## નોકરિયાત માટે :

નોકરી કરતા વ્યક્તિઓએ કેસરી વસ્ત્રમાં વાલના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી જ્યારે નોકરીએ જાઓ ત્યારે એ પોતાની ઓફિસ બેગમાં અથવા ઓફિસના ખાનામાં રાખવું અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. મહિના સુધી આ જ પોટલી રાખવાની છે, રોજ નવી બનાવવાની નથી. આ પ્રક્રિયાથી નોકરીમાં આપના ઇચ્છિત કાર્યની સિદ્ધિ થશે.

## વિદ્યાર્થી માટે :

વિદ્યાર્થીઓએ સફેદ વસ્ત્રમાં ચોખાના ચાર દાણા અને ચપટી મીઠું મુકી તેની પોટલી બનાવી પોતાના ભણવાની બેગમાં અથવા તો દફતરમાં આ મહિના દરમ્યાન રાખી મુકવી અને રોજ એકવાર ૐઋષિ રચિત ૐકાર ચાલીસાનો પાઠ કરવો. જેનાથી આપનું ભણવામાં ધ્યાન કેન્દ્રિત થશે અને સફળતાની પ્રાપ્તિ થશે.

ઉપર આપેલ પ્રક્રિયા દરેક જણે ૩૦ દિવસ સુધી નિયમિત કરવી. ૩૦ દિવસ પછી નવા અંકમાં નવી પ્રક્રિયા આપવામાં આવશે. પછી એ નવી પ્રક્રિયા ચાલુ કરવી અને જૂની પ્રક્રિયા બંધ કરી દેવી. આ રીતે બાર મહિના સુધી અલગ-અલગ પ્રક્રિયા કરવાથી આપના કાર્યને વધુ ઝડપ મળશે તથા નામના, માન, કીર્તિ અને પ્રતિષ્ઠામાં વધારો થશે.

**✦ ખાસ નોંધ ✦**

જે પ્રક્રિયાથી આપને સફળતા મળે એ પ્રક્રિયા કાયમ ચાલુ રાખી શકાય અને જોડે નવી પ્રક્રિયા પણ કરી શકાય.

# પૃથ્વીલોકથી મોક્ષલોક અને ઈન્દ્રલોક સુધી લઈ જનાર ક્રિયા એટલે

# ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગ

આપની તકલીફો માંથી મુક્ત થવા માટે
આજે જ આ ક્રિયા યોગ માં જોડાઓ



**ૐકાર ત્રિત્રાંશ ક્રિયાયોગમાં જોડાનાર સાધકને આપવામાં આવનાર શાસ્ત્રોક્ત સિદ્ધ સાધન**

| | | |
|---|---|---|
| (૧) ૐકાર મેરુશક્તિ પૃષ્ઠ | (૨) ૐકાર ત્રિશક્તિ ક્રિયાયોગ ચક્ર | (૩) ૐકાર શુભલક્ષ્મી ક્રિયાયોગ ચક્ર |
| (૪) ૐકાર કુંડલિની ક્રિયાયોગ ચક્ર | (૫) ૐકાર શક્તિ ચક્ર | (૬) ૐકાર ત્રિત્રાંશ ચક્ર |

ઈશ્વરીય શક્તિ અને ઊર્જાથી સિદ્ધ કરવામાં આવેલા ચક્રનો ઉપયોગ આપ સાધકોએ કેવી રીતે કરવો એ ક્રિયાયોગમાં શીખવાડવામાં આવશે.

**સંપર્ક સૂત્રઃ 9537220959, 9429208997**

# જાહેર આમંત્રણ

"દર્શન માત્ર સે મિટે કષ્ટ"
ૐકાર સંપ્રદાયના આર્ષદૃષ્ટા અને સ્થાપક
મંત્રયુગપરિવર્તક ૐકાર મહામંડલેશ્વર ૧૦૦૮
પ.પૂ. સંતશ્રી સદ્‌ગુરુ ૐઋષિ સ્વામીના

# પૂનમ મહાદર્શન



ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

ॐकार संप्रदाय
(धार्मिक आध्यात्मिक पथ)

**શુભ તારીખ**

**4 ડિસેમ્બર, 2025**
**ગુરુવાર**

**શુભ સમય**

**સવારે**
**10 થી 1 કલાકે**

**શુભ સ્થળ**

## અન્નપૂર્ણા હોલ,

આંગી ફ્લેટની સામે, ન્યુ વિકાસ ગૃહ રોડ, પાલડી, અમદાવાદ

**સંપર્ક સૂત્રઃ 9429208997**

E-mail ID : omkarsampraday@gmail.com
E-mail ID :info@sadguruomrushi.org
Website : www.sadguruomrushi.org


RNI GUJGUJ/2015/65690

Registered under Postal Registration No. AHD-C/64/2020-2022 valid up to 31st December-2022 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 10th of every month' Date of Publication : 7th every month

Printed & Published by **KINJAL ASHOKKUMAR SHAH** on behalf of **'SEVA SAMARPAN FOUNDATION'** and Printed at Print Vision Pvt. Ltd., Print Vision House, Lane by jay Gujarat Fruit Center, Ambawadi Market, Ahmedabad - 380006 and published from 'Seva Samarpan Foundation', Gr. Floor, 001, Angi Flat, Opp. Annapurna Party Plot, New Vikas Gruh Road, Paldi, AHMEDABAD-380007. GUJARAT. Editor : **KINJAL ASHOKKUMAR SHAH**